ગાંધીનગર સમાચાર

ડેન્ગ્યુ પ્રતિરોધક હોમિયોપેથિક દવાનું ૭મી સુધી વિતરણ

## @ગાંધીનગર

● નાગરિક સંરક્ષણ એકમ ગાંધીનગર દ્વારા બપોરના ૪.૦૦ કલાકે નાગરિક સંરક્ષણ કચેરી, ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક-એના પહેલા માળે બેઠક યોજાશે. જેમાં તમામને ઉપસ્થિત રહેવા ચીફ વોર્ડન અરૂણભાઈ બુચે જણાવ્યું છે.

● સે-૭-ડી ગાંધીનગર નિવૃત્ત અધિકારી મંડળ અને શહેરીજન સંસ્થાના સંયુકત ઉપક્રમે સાંજે ૫.૩૦ કલાકે સે-૭, શ્રી ચૌધરી વિદ્યાલય સંકુલ ખાતે કારોબારી સમિતિની સંયુકત સભા યોજાશે.

● સે-૧૭, ટાઉનહોલ ખાતે રક્ષા શકિત યુનિ.ના વુમન ડેવલપમેન્ટ સેલ દ્વારા આયોજિત મહિલા સંબંધિત કાયદાકીય જાગૃતિ શિબિર સવારે ૧૦ કલાકે યોજાશે.

● ગુજરાત રાજય કર્મચારી મહામંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રી સમારોહનું આયોજન તા. ૪, ૫ અને ૬ ઓકટોબર એમ ત્રણ દવસ દરમિયાન બપોરના ૨.૦૦ કલાકે બ્લોક નં. ૯ની સામે, જુના સચિવાલય, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. જેમાં દરેક કર્મચારી અને અધિકારી ભાઈઓ તથા બહેનોને લાભ લેવા મહામંડળના મહામંત્રી આર.એચ. પટેલે જણાવ્યું છે.

# અદ્ભૂત... અપ્રતિમ... ધોળાકુવાનો ગબ્બર





ગાંધીનગર, તા.૩

'ગબ્બર ગોખથી આવ્યો રે, માડી તારો સોના ગરબો...' શહેરમાં ચોતરફ નવરાત્રિનો માહોલ છવાયો છે. શહેરના પાદરે આવેલ ધોળા કુવા ગામે યુવાનો તથા બાળકો દ્વારા તૈયાર કરાતો 'ગબ્બર' ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. અદભૂત કારીગરી અને ઉત્તમ કૌશલ્યના નમૂના સમા આ 'ગબ્બર'ને જોવા ગાંધીનગર ઉપરાંત આસપાસના વિસ્તારના ગામો તથા અમદાવાદથી પણ નાગરિકો પરિવાર સહિત ઉમટી રહ્યાં છે.

ધોળાકુવા ગામે જુની પ્રચલિત માન્યતા મુજબ નવરાત્રિ ઉજવવામાં આવતી નથી. આ કારણે ગામના યુવાઓ તથા બાળકોએ રાસ ગરબાને બદલે નવરાત્રિ ઉજવવાનો નવો રસ્તો શોધી કાઢયો છે. ગામના બળિયાદેવ યુવક મંડળના યુવાનોએ ગામમાં 'ગબ્બર' બનાવવાનો પ્રારંભ કર્યો. યુવાનોએ દિલથી અને શ્રધ્ધાથી બનાવેલ ગબ્બર ગામ લોકોને પસંદ આવતા તેમને પ્રોત્સાહિત કર્યા અને કેટલાક સેવાભાવી દાતાએ ગામના દિકરાઓની શ્રધ્ધાને આર્થિક મદદ પણ પુરી પાડવાનું ચાલુ કર્યું. ગામની મદદ મળી રહેતા યુવાનોનો ઉત્સાહ વધ્યો અને પછી તેઓ દર વર્ષે વધુને વધુ સર્જનાત્મક વિચારો અને મહેનત સાથે ગબ્બરમાં નવીનતા ઉમેરતા ગયા. યુવાનોની લગનમાં ગ્રામજનોને મા જગદંબાની ભકિત દેખાઈ અને તેમને ગબ્બર બનાવવા માટે ગામના મંદિરના ઉપરના ભાગે બનાવાયેલ હોલને વાપરવા પણ આપવા માંડયો. આમ જગ્યા અને આર્થિક મદદ મળી રહેતા આ યુવાનોએ પોતાની મહેનત અને સર્જનાત્મકતાથી અનોખો ગબ્બર બનાવવા માંડયો જેની ખ્યાતિ ધીમે ધીમે સમગ્ર ગાંધીનગર જિલ્લામાં પ્રસરાઈ ગઈ છે.

દર વર્ષે નવી નવી થીમ આધારિત તૈયાર કરાતા ગબ્બરમાં આ વર્ષે યુવાનોએ ઉત્સવ મેળા આધારિત ચકડોળ વગેરેનો સમાવેશ કર્યો છે. છેલ્લા ત્રણ માસથી દરરોજ રાત્રિના પાંચ કલાકની અથાગ મહેનત દ્વારા ધોળાકુવા ગામના બળિયાદેવ યુવક મંડળના યુવા સભ્યોએ પ્રાથમિક શાળા પાસે એક વિશાળ નયનરમ્ય ગબ્બર તૈયાર કર્યો છે. આ ગબ્બર ને સંપૂર્ણપણે જોવા માટે પ્રેક્ષકને લગભગ અડધાથી એક કલાકનો સમય લાગે છે. ગબ્બર જોઈ તમામ દર્શનાર્થીઓ દંગ રહી જાય છે અને યુવાનોની મહેનત પર આફરિન પોકારી જાય છે. આ ગબ્બરમાં રોડ રસ્તા, ઝુંપડી, માનવીઓ, ઋષિમુનિઓ, મંદિરો, કિલ્લા, સ્ટ્રીટ લાઈટો, ડુંગરા, વનરાજી, મંદિરો સહિત અઢળક કૃતિઓ એવી રીતે આવરી લેવાઈ છે કે જાણે જીવંત દશ્ય લાગે. આ ગબ્બર ગાંધીનગર જિલ્લાના અનેક મુલાકાતીઓને આકર્ષી રહ્યો છે અને તમામ મુલાકાતીઓ ખોબલે ખોબલે પ્રસંશા કરી રહ્યા છે.



દિલ્હી પબ્લિક સ્કુલ ગાંધીનગર દ્વારા ગાંધી જયંતિ નિમિત્તે ધોરણ-૧ના વિદ્યાર્થીઓએ ગાંધી આશ્રમની મુલાકાત લીધી હતી. જેમાં શાળાના નાના ભુલકાઓએ રેંટિયો, ખાદી અને ગાંધીજીની દુર્લભ સ્મૃતિઓને નિદર્શ રીતે નિહાળી હતી. આ મુલાકાતનો મુખ્ય હેતુ ગાંધીજી અત્યારના સમયમાં પણ એટલા જ પ્રસ્તુત છે તેમ શાળા દ્વારા દર્શાવવાનો પ્રયાસ કરાયો હતો.

# ચિલોડા આર્મી કેમ્પમાં જવાનનો ગળે ફાંસો ખાઈ આપઘાત

## મેડીકલ સેકશનનાં મકાનમાં લોખંડની સીડી સાથે રસ્સો બાંધીને જવાને ફાંસો ખાધો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક ચિલોડા રોડ પર આવેલા આર્મી કેમ્પમાં આજે વહેલી સવારે ગોરખા રાયફલના કેપ્ટન બટાલીયન લોકેશન પર હતા ત્યારે મેસેજ મળ્યા કે મેડીકલ સેક્શનના મકાનમાં લોખંડની સીડી સાથે રસ્સો બાંધીને તેમના એક જવાને ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. કેપ્ટને ઘટના અંગે પોલીસને જાણ કરતા પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને જવાનનો મૃતદેહ પીએમ કરાવી આપઘાતનુ કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ આજે વહેલી સવારે સાતેક વાગ્યાનાં અરસામાં ચિલોડા આર્મી કેમ્પ ૩, ગોરખા રાયફલના કેપ્ટન પી. સર્વના નાયડુ બટાલીયન લોકેશનમાં હાજર હતા. તે સમયે એક જવાન આવ્યો અને મેસેજ આપ્યા કે મેડીકલ સેક્શનનાં મકાનમાં આવેલી લોખંડની સીડી સાથે રસ્સો બાંધીને એક જવાને આપઘાત કરી લીધો છે. આ મેસેજ મળતા જ કેપ્ટન ટીમ સાથે સ્થફ પર પહોંચી ગયા હતા અને જોયુ તો ૩૯ વર્ષિય જવાન નાયક કૌશલબહાદુર સુજાલી હતો. કોઈ અગમ્ય કારણોસર જવાને ગળે ફાંસો ખાઈ લઈ જીવન ટુંકાવી નાંખ્યુ હતુ. કેપ્ટનએ પોલીસને ઘટના અંગે જાણ કરતા ચિલોડા પોલીસ મથકના પી.એસ.આઈ વી.એ.પઠાણ તેમની ટીમ સાથે પહોંચી ગયા હતા અને મૃતદેહ પી.એમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને આપઘાતનુ કારણ બહાર લાવવા ઉંડી તપાસ શરુ કરી છે.

## વાતવાતમાં

● ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે ફિક્સ પગાર નીતીના વિરોધ માટે ગાંધી જયંતિએ સત્યાગ્રહ છાવણી ખાતે દેખાવો યોજાયા હતા. આ દેખાવકર્તાઓની ધરપકડ કરવા આવેલા કોન્સ્ટેબલો પણ ફિક્સ પગારદાર હોવાથી તેમણે આંદોલનકારીઓ પ્રત્યે સહાનુભૂતિપૂર્વક વર્તવા પોતાના અધિકારીઓને વિનંતી કરી હતી.

● સે-૨૧ના ડીસ્ટ્રીકટ શોપીંગ સેન્ટરના ફરતે ફુટપાથ પર જામેલા દબાણકર્તાઓ પર દબાણ શાખાએ સપાટો બોલાવી એક ટ્રક તથા બે ટ્રોલી ભરીને માલસામાન જપ્ત કર્યો છે. આ સાથે શોપીંગ સેન્ટરમાં પણ દરોડો પાડી ૩ કિલો પ્લાસ્ટિક બેગનો જથ્થો પણ જપ્ત કરાયો હતો.

● રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ગ્રાહકો સાથે થતી નાણાંકીય છેતરપીંડી અટકાવવા 'સચેત' વેબસાઈટનો પ્રારંભ કર્યો છે. આ વેબસાઈટ દ્વારા ગ્રાહકોને બિનઅધિકૃત એકમો દ્વારા સસ્તી લોન આપવાના બહાને કરાતી છેતરપીંડીથી સાવધ કરાશે.

● સે-૧માં ગાયત્રી મંદિર પાસે દર વર્ષની જમ આ વર્ષે પણ શેરી ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ગરબા મહોત્સવનું સુશોભન નગરજનોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

# બીસીએ કોલેજમાં સોફ્ટ સ્કીલ ડેવલપમેન્ટ વિષય પર બે દિવસીય વર્કશોપ યોજાયો



ગાંધીનગર, તા.૩

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ, ગાંધીનગર (બીસીએ અને પીજીડીસીએ) દ્વારા 'સોફ્ટ સ્કીલ ડેવલોપમેન્ટ' શિર્ષક પર બે દિવસનો વર્કશોપ યોજાઈ ગયો. જેમાં વિષય તજજ્ઞ તરીકે સુશ્રી રોઝલી વિકટર, ચીફ મેન્ટર, કેએસવી ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર વર્કશોપનું આયોજન બીસીએ કોલેજના સોફ્ટ સ્કિલ ડેવલોપમેન્ટ સેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનો ૩૫ કરતાં વધારે વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો.

કોલેજના ડાયરેકટર ડૉ. સંજય એમ. શાહે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓના અભ્યાસની સાથે સાથે તેઓ જયારે નોકરી મેળવવાના પ્રયત્નોમાં જોડાય ત્યારે ટેકનિકલ નોલેજની સાથે સાથે વાતચીતની કળા, અસરકારક અભિવ્યકિત તેમજ ઉઠવા બેસવાની રીતભાત ખુબ જ મહત્વનો ભાગ ભજવે છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસનું ધ્યાન રાખીને કોલેજ દ્વારા સમયાંતરે યોજાતા વિવિધ સેમિનાર અને વર્કશોપમાં આ મુદ્દાને આવરી લેતા, આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર વર્કશોપ દરમિયાન વિષય તજજ્ઞ સુશ્રી રોઝલી વિકટરે તમામ વિદ્યાર્થીઓને પ્રેકટીકલ ઉદાહરણો દ્વારા વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યૂનો સામનો કરવામાં ઉભી થતી મુશ્કેલીઓ તથા તેને કેવી રીતે સાહજિકતાથી દુર કરી શકાય તેની વિવિધ રીતો શીખવી હતી. ઉપરાંત ઈન્ટરવ્યૂ વખતે બોડી લેંગ્વેજ, ચાલવાની તેમજ બોલવાની રીત, ઈન્ટરવ્યૂ લેનાર વ્યકિતને પોતાની વાત કેવી રીતે સરળતાથી સમજાવવી વગેરે જેવી બાબતોની ઊંડાણપૂર્વક સમજ આપી હતી. વર્કશોપના અંતે વિદ્યાર્થીઓને મુંઝવતા વિવિધ સવાલોના તેઓએ સરળ ભાષામાં સમજાય તેવા જવાબ આપ્યા હતા. આ વર્કશોપના આયોજન બાદ વિદ્યાર્થીનો આત્મવિશ્વાસ ખુબ જ વધેલો જણાઈ રહ્યો હતો.

સમગ્ર વર્કશોપનું આયોજન સંસ્થાના ડીરેકટર ડૉ.સંજય એમ. શાહના માર્ગદર્શન હેઠળ સોફ્ટ સ્કિલ ડેવલપમેન્ટ સેલના પ્રાધ્યાપકો પ્રો. શ્વેતા વ્યાસ, પ્રો. રેબેકા જોબદાસ અને પ્રો. રીમા શેલત દ્વારા કરવામાં આવ્યું હતું.

# નવા સચિવાલય બ્લોક નં. ૭ ખાતે મેડીકલ ચેક-અપ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેર હોસ્પિટલ દ્વારા તાજેતરમાં નવા સચિવાલય સ્થિત બ્લોક નં-૭ ના સાતમા માળે આવેલ આરોગ્ય વિભાગની કચેરી ખાતે સર્વ રોગ મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેમ્પના પ્રારંભે જોઈન્ટ સેક્રેટરી વી.જી.વણઝારાએ આરએમઓ ડો.કલ્પેશ શાહને બુકે આપ્યું હતું.આ કેમ્પમાં હાજર સૌને પ્રિન્સીપલ સેક્રેટરી પંકજસર તેમજ વી.જી.વણઝારા તેમજ રત્ના કનવરે માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. સર્વરોગ નિદાન કેમ્પમાં ગાયનેક, સર્જરી, મેડીસીન, ઓર્થોપેડીક, આઈ, ઈએનટી,



સ્કીન, ડાયાબીટીશ, બ્લડપ્રેશર અને બીએમઆઈનું ચેકઅપ નિષ્ણાંત તબિબોની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં હેલ્થ વિભાગના ૧૭૫ કર્મચારીઓએ લાભ લીધો હતો. જેમાંથી મોટાભાગના કર્મચારીઓ ફીટ જણાયા હતા. જયારે જે કર્મચારીઓને તકલીફ જણાઈ હતી તેઓની દવા શરુ છે. આ કેમ્પનો મોટાભાગના કર્મચારીઓએ લાભ લીધો હતો. આ કેમ્પમાં હોસ્પિટલના તબિબિ અધિક્ષક ડો. બિપિન નાયક, આરએમઓ ડો.કલ્પેશ શાહ, ડો.કમલેશ જશપરા, ડો.ચિંતન ગોંડલીયા સહિતના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# ગાંધી બાપુના ગ્રિટીંગ કાર્ડ મેળવીને પુસ્તક પરબના લાભાર્થી રોમાંચિત

ગાંધીનગર, તા.૩

મહાત્મા ગાંધીની જન્મ જયંતિના પાવન દિવસે યોજાયેલી પુસ્તક પરબમાં આ વખતે પ્રત્યેક મુલાકાતીઓને ગાંધી બાપૂના સ્વ હસ્તે બનાવેલા ગ્રિટીંગ કાર્ડ આપવામાં આવતા સૌ આશ્ચર્ય ચકિત સાથે રોમાંચિત થયા હતા.




ભાતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના નેજા હેઠળ દર મહિનાના પ્રથમ રવિવારે યોજાતી પુસ્તક પરબ આગલી રાતના ધોધમાર વરસાદની ભીનાશ છતાં યોજાઈ હતી. મોટા ભાગના મુલાકાતીઓ ગાંધીજીના ભજનનો કાર્યક્રમ સાંભળીને આવ્યા હતાં.

દરેક મુલાકાતીઓને બે પુસ્તક અને મેગેઝીન મફત આપવામાં આવે છે. આ પુસ્તક પરબની સેવામાં પ્રજ્ઞાબેન પટેલ, કિશોર જીકાદરા, દિશાંત ગર્ગ, મૂળજી પરમાર, અશોક ત્રિવેદી, રણછોડ પરમાર વગેરે એમની નિયમિત સેવાઓ આપે છે. આજના પુસ્તક પરબનું મુખ્ય આકર્ષણ એટલે અહીં નિયમિત સેવા આપતી રોહીણી પરમાર કે જે શિક્ષક છે એણે જાતે દોરીને તૈયાર કરેલા ગાંધીજીના વિવિધ ચિત્રોના ગ્રિટીંગ કાર્ડ હતા. પેન્સિલ સ્કેચ, ત્રિરંગો કલર અને વિવિધ પ્રેરણાદાયી સંદેશા સાથેના જાત મહેનતના ગ્રિટીંગ કાર્ડ સૌને મળતાં મુલાકાતીઓ રોમાંચિત થયા હતા. રોહીણીનો ગાંધી પ્રેમ આશ્ચર્ય પમાડે એવો હતો. રોહીણી પરમારને ગાંધીનગર સમાચારના વિવિધ કટાર લેખક સાથે સાહિત્ય સભાના મંત્રી સંજય થોરાતે એની કલા બિરદાવી અનેક શુભકામનાઓ આપી છે. ગાંધી જયંતિ અને પુસ્તક પરબનો સુભગ સમન્વય યાદગાર બની રહ્યો.

# આજે જગદંબાના ત્રીજા સ્વરૂપ મા ચંદ્રઘટાનું પૂજન-અર્ચન

## આજે કળશ અથવા મંદિરનો ઘંટ ભેટ સ્વરૂપે પ્રદાન કરી પ્રસાદમાં ગાયનું દુધ ધરાવવાથી તમામ દુઃખોમાંથી મુકત થવાય છે

ગાંધીનગર, તા.૩

આદ્ય શકિત જગદંબાની અસીમ કૃપા પ્રાપ્ત કરવા માટેનું મંગલકારી પર્વ નવરાત્રીમાં આજે માતાજીના ત્રીજા સ્વરૂપના દર્શનનો લાભ પ્રાપ્ત થશે. શૈલપુત્રી અને બ્રહ્મચારિણી સ્વરૂપના પૂજન અર્ચન વિધિ વિધાન પૂર્વક કર્યા પછી આજે શકિત સ્વરૂપ ચંદ્રઘટા માતાજીના પૂજનનો શ્રેષ્ઠ મહિમા વર્ણવાયો છે. સાધકો ત્રીજા નોરતે ચંદ્રઘટા માતાજીનું પૂજન કરી સર્વ દુઃખોમાંથી મુકિત મેળવવા મગ્ન બનશે. નવલી નવરાત દરમિયાન ઉપાસકો અને ખૈલેયાઓ ગરબે ઘુમીને હર્ષોલ્લાસથી ઉજવણી કરે છે.

ભગવતી દેવીના અતિ તેજસ્વી પર્વની સર્વત્ર હરખના હિલોળે અને ભકિત ભાવપૂર્વક ઉજવણી થઈ રહી છે. બો નવરાત્રીમાં ઉપાસકો અને ખેલૈયા મન મુકીને આ પર્વને માણી રહ્યા છે. માતાજીના બીજા સ્વરૂપ બ્રહ્મચારિણી દેવીને પ્રસાદમાં સાકર ધરાવી પંડિતોએ આયુષ્યમાં વૃદ્ધિના આર્શીવાદ પ્રાપ્ત કર્યા છે. જયારે આજે શકિત સ્વરૂપ ચંદ્ર ઘટા માતાજીના સ્વરૂપની પૂજા અર્ચના કરવા તૈયારી કરશે.

જેમાં દસ ભૂજાધારી ચંદ્ર ઘટા




માતાજી પ્રસન્ન મુદ્રામાં બિરાજમાન હોય છે. માતાજીના માથા પર ઘંટ આકારનો અર્ધચંદ્ર છે. જેથી આ શકિત સ્વરૂપને ચંદ્ર ઘટા કહેવાય છે. દસ હાથ અને ત્રણ આંખ ધારી માતાજીના આઠ હાથમાં શસ્ત્ર છે જયારે બે હાથથી માતાજી આર્શીવાદ પ્રદાન કરે છે. સિંહ ઉપર સવાર મા ચંદ્રઘટાનું રૂપ યુદ્ધ માટે તૈયાર હોય તેવું લાગે છે અને તેમના ઘંટના પ્રચંડ ધ્વનિથી અસુર તથા રાક્ષસ ભયભીત રહે છે. માતાનું રૂપ પરમ શાંતિદાયક અને કલ્યાણકારી છે. આ સ્વરૂપના પૂજન અર્ચનથી આધ્યાત્મિક અને આત્મિક શકિત પ્રાપ્ત થાય છે. માતાજીના શરીરનો રંગ સોના જેવો ચમકીલો છે જેથી અત્યંત તેજસ્વી લાગે છે. આ સ્વરૂપની પૂજા કાંચીપૂરમમાં થાય છે. ત્રીજા સ્વરૂપના પૂજન અર્ચન પછી મહિલાઓને ઘરે બોલાવી સન્માનપૂર્વક ભોજન કરાવાનો મહિમા છે. તેમજ આ દિવસે કળશ અથવા મંદિરનો ઘંટ ભેટ સ્વરૂપે પ્રદાન કરી પ્રસાદમાં ગાયનું દુધ ધરાવવાથી તમામ દુઃખોમાંથી મુકત થવાય છે. માતાજીના આ સ્વરૂપની શ્રધ્ધાપૂર્વક પૂજા કરવાથી પાપો દુર થાય છે અને બળ પ્રાપ્ત થાય છે તેમજ સ્વરમાં અલૌકિક દિવ્ય મધુરતા આવે છે. આમ નવરાત્રી દરમિયાન માતાજીના દરેક સ્વરૂપોના પૂજનનો મહિમા છે અને તેના ફળ વર્ણવ્યા છે.

# ડેન્ગ્યુ પ્રતિરોધક હોમિયોપેથિક દવાનું ૭મી સુધી વિતરણ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર હોમિયોપેથિક એસોસીએશન દ્વારા આજ તા. ૩ થી ૭ ઓકટોબર દરમિયાન એસોસીએશનના સભ્યોના દવાખાને નિઃશુલ્કપણે ડેન્ગ્યુ પ્રતિરોધક હોમિયોપેથિક દવાનું વિતરણ કરવામાં આવશે. સવારના ૧૦ થી ૧૨ કલાક દરમિયાન ડૉ. ઓમકાર જોષી અને ડૉ. ખ્યાતિ જોષીના સેકટર-૨૨, ઘ-૫ ખાતે દવાનું વિતરણ કરાશે તેમજ સે-૭ બસ સ્ટેશન સામે આવેલ ડૉ. નિરવ ઠાકરના દવાખાને, સે-૨૬ શોપીંગ સેન્ટર ડૉ. કવિનભટ્ટના દવાખાને નિઃશુલ્કપણે દવાનું વિતરણ કરાશે. આ ઉપરાંત બપોરના ૨ થી ૪ કલાક દરમિયાન પેથાપુરના સોમનાથ સોસાયટી ખાતે તથા કુડાસણના ડૉ. સોનાલી જોષીના દવાખાને શિવાલય કોમ્પ્લેક્ષ ખાતે અને ડૉ. વિજય જોષીના દવાખાને રાધે ક્રિસ્ટલ ખાતે પણ નિઃશુલ્કપણે હોમિયોપેથીક દવાઓનું વિતરણ કરવામાં આવશે.

## ચિરવિદાય

● સ્વ. કૃષ્ણાબા દાનુભા ઝાલા, ઉ.વ. ૮૭